ગુજરાતમિત્ર

ગતિવિધિ

શહેરનું ગૌરવ બાળ કવિ અને ચિત્રકલા સ્પર્ધામાં 2 વિદ્યાર્થિનીઓને દ્વિતીય,તૃતીય સ્થાન મળ્યું

વડોદરા : GCERT ગાંધીનગર પ્રેરિત પાંચ ઝોનનો રાજ્ય કક્ષાનો કલા ઉત્સવ રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પોરબંદર ખાતે યોજાયો હતો. જેમાં વડોદરા જિલ્લાની બરોડા પબ્લિક સ્કૂલની વિદ્યાર્થિની વ્યાસ તિથિએ બાળ કવિ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન અને એલેમ્બિક વિદ્યાલયની વિદ્યાર્થિની હૃદયા ચિત્ર કલા સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી વડોદરા ડાયટનું ગૌરવ વધાર્યું છે. જિલ્લા શિક્ષણાધિકારી મહેશ આર.પાંડે, ડાયટ વડોદરાના પ્રાચાર્ય શ્રી દિપક કુમાર બાવિસ્કર તેમજ ડાયટ પરિવારે વિજેતા વિદ્યાર્થિનીઓને અને માર્ગદર્શક શિક્ષકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

વડોદરા શહેરમાં ટીબીના 100 દર્દીઓને પોષણયુક્ત આહાર કીટનું કરાયું વિતરણ

વડોદરા : વડોદરા શહેરમાં હાથ ધરવામાં આવેલી ૧૦૦ દિવસની ટીબી નિર્મૂલન ઝુંબેશ દરમિયાન શુક્રવારે રોટરી ક્લબ ઓફ બરોડા દ્વારા ૧૦૦ ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર મળી રહે અને ટીબી રોગથી મુક્ત થાય તે માટે રોટરી ક્લબ ઓફ બરોડા કારેલીબાગ ખાતે કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કીટ વિતરણ બાદ નવી ધરતી અર્બનહેલ્થ સેન્ટરના સ્ટાફ અને તિરુપતિ નર્સિંગ સ્કૂલના સ્ટુડન્ટ ધ્વારા જન જાગૃતિ રેલી યોજાઈ હતી. ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર મળી રહે અને ઝડપી સાજા થાય તે હેતુથી દર મહીને રાશન કીટ આપવામાં આવે છે. રોટરી ક્લબ ઓફ બરોડાના નયનભાઇ તથા રોટરી ક્લબ ઓફ કારેલી બાગ મેડીકલ ઓફિસર,રાજ્ય કક્ષાએથી આવેલ સ્ટેટ પી.એમ.ટી.બી કન્સલટન્ટ,શહેરી ટીબી ઓફિસર અને એન.ટી.ઇ.પી સ્ટાફના સહયોગથી ટીબી ની સારવાર લઇ રહેલા દર્દીઓને પૌષ્ટીક આહાર કીટ તૈયાર કરીને વિતરણ કરવામાં આવ્યું હતું.આકાર્યક્રમમાં ઉપસ્થિત ટીબીના દર્દીઓને ટીબી રોગ, સારવાર અને પોષણના મહત્વ વિશે સમજ આપવામા આવી હતી.

ગ્રાહકોના મકાન બુકિંગના રૂ.1.28 કરોડ પોતાના ખાતામાં જમા લઇ કર્મચારી દ્વારા ઉચાપત

વડોદરા : બાપોદ વિસ્તારમાં રહેતા સંચાલકની રિપા રિયાલિટી ફર્મમાં નોકરી કરતા કર્મચારી દ્વારા બિલ્ડરની સ્કિમમાં ગ્રાહકોએ મકાન બુકિંગ કરાવ્યાના રૂપિયા ઓનલાઇન તથા રોકડા મળી રૂ. 1.28 કરોડ પોતાના બેન્ક ખાતામા ટ્રાન્સફર કરાવડાવ્યા હતા. પરંતુ આ રૂપિયા બિલ્ડર તથા કંપનીને પરત નહી આપીને નાણાકીય ઉચાપત કરાઇ હતી. જેથી કંપની સંચાલકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી તેને જેલભેગો કરી દીધો હતો. વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં આવેલી ઓમ રેસિડેન્સીમા રહેતા રોશન વિશ્વનાથ જયસ્વાલ રીપા રીયાલીટીનું ફર્મ ધરાવે છે અને તેની કંપનીએ હરણી વિસ્તારમાં આવેલી ઓર્ચિડ સ્કાયરાઇઝ સ્કીમના બિલ્ડર સાથે ભાગીદારી પેઢી કરી છે. તેમની કંપની સોર્સ સેલિંગ એજન્સી તરીકે કામગીરી કરે છે. તેમની કંપનીમાં કર્મચારી મનીષ સુરેશ સુથાર 6 વર્ષથી નોકરી કરતો હતો. ઓર્ચિડ સ્કાયરાઈઝની મકાનની સ્કિમમાં તમામ કામગીરીથી મનિષ સુથાર માહીતગાર હોવાથી સભાસદો સાથે ડાયરેકટ નાણાંકીય વ્યવહારો કરતા હતા. તેઓ વર્ષ 2022 થી 2024 સુધી સ્કીમમાં મકાન બુકીંગ કરાવનાર 35 જેટલા ગ્રાહકો પાસેથી ઓનલાઇન તથા રોકડા મળી રૂ. 1.28 કરોડ રૂપિયા પોતાના બેન્ક ખાતામાં જમા કરાવી લીધા હતા અને ગ્રાહકોને તેના બદલામા ડાયરીમાં સહી પણ કરી આપી હતી. પરંતુ મનિષ સુથારે આ રૂપિયા કંપની તથા બિલ્ડરને પરત નહી કરીને નાણાકીય ઉચાપત કરી હતી. જેથી કંપની સંચાલક રોશન વિશ્વનાથ જયસ્વાલે ઠગાઇ કરનાર કર્મચારી વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ હરણી પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરીન તેને જેલ ભેગો પણ કરી દેવામાં આવ્યો છે.

જિલ્લાના આવકવેરો ભરતા પેન્શનરો જોગ, ફોર્મ મેળવી 5મી માર્ચ સુધીમાં વિકલ્પ આપવા

વડોદરા : પેન્શન ચુકવણા કચેરી, વડોદરા ખાતેથી પેન્શન મેળવતા તમામ પેન્શનરોને (કુટુંબ પેન્શનરઓ સિવાય) નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ થી આવકવેરા કાયદા હેઠળ નવી પદ્ધતિ અનુસારના OLD REGIME અને NEW REGIME એમ બે વિકલ્પ આપવામાં આવ્યા છે. અત્રેની કચેરીથી પેન્શન મેળવતા જે પેન્શનર OLD REGIME નો વિકલ્પ સ્વિકારવા માંગતા હોય તેઓએ પેન્શન ચુકવણા કચેરી વડોદરા ખાતેથી ફોર્મ મેળવી તા.૦૫/૦૩/૨૦૨૫ સુધીમા વિકલ્પ આપવાનો રહેશે. જે મુજબ જે પેન્શનર OLD REGIMEનો વિકલ્પ પસંદ કર્યો હોય તે સિવાયના બાકીના તમામ પેન્શનરો NEW REGIMEનો વિકલ્પ સ્વિકારવા માંગે છે તેમ માનીને આવકવેરા કાયદા હેઠળ કરપાત્ર આવક પર આવકવેરાની કપાત કરાશે તેમ શ્રેયાન તિજોરી અધિકારી (પેન્શન)વડોદરાની અખબાર યાદીમાં જણાવાયું છે.

શહેરના એક્ટર રોમિલ પટેલે પ્રયાગરાજમાં સ્નાન કરીને યુવાનોને પરંપરા સાથે જોડાવા પ્રાર્થના કરી

હાલના યુવાનો પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવમાં આવીને પોપ કલ્ચરને અપનાવી રહ્યા છે

(પ્રતિનિધી) વડોદરા તા.21 ૧૪૪ વર્ષે આવેલા મહાકુંભમાં અત્યાર સુધી ૫૫ કરોડથી વધારે સનાતનીઓએ સ્નાન કરીને ધન્યતા અનુભવી છે ત્યારે શહેરના યુવાને પ્રયાગરાજ ખાતે સ્નાન કરીને યુવાનો માટે પ્રાર્થના કરી છે. જે વિશે માહિતી આપતા શહેરના એક્ટર અને મોડેલ રોમિલ પટેલે જણાવ્યું હતું કે, પ્રયાગરાજના ત્રિવેણી સંગમ ખાતે સ્નાન કર્યું અને ધન્યતાનો અનુભવ કર્યો છે. આ સાથે સ્નાન કરતી વખતે મેં પ્રાર્થના કરી કે, હાલના યુવાનો પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવમાં આવીને પોપ કલ્ચરને અપનાવી રહ્યા છે ત્યારે યુવાનો ભારતીય સંસ્કૃતિ અને પરંપરા સાથે જોડાયેલા રહે અને સનાતનના પ્રચારમાં તેઓ અચૂક યોગદાન આપે.

લાલા નામના યુવકે અભદ્ર ટિપ્પણી કરી, નિર્લજ્જ સામે ટિપ્પણી કરનાર કડક કાર્યવાહી કરવા માંગ

લગ્નમાં હેલિકોપ્ટર મુદ્દે બીભત્સ કોમેન્ટથી આદિવાસીઓમાં નારાજગી

ભરૂચમાં તીર-કામઠા સાથે કલેક્ટર કચેરીએ દેખાવો

(પ્રતિનિધી) ભરૂચ,તા.21 ભરુચ જિલ્લામાં આદિવાસી સમાજને લઈ એક યુવકે સોશિયલ મીડિયામાં અભદ્ર ટિપ્પણી કરતા આદિવાસી સમાજની લાગણી દુભાતા ભારે નારાજગી ફેલાઈ છે. જેને લઈને શુક્રવારે મોટી સંખ્યામાં સમાજના લોકોએ હાથોમાં તીર-કામઠા સાથે રેલી યોજીને કલેક્ટર કચેરીએ એકત્ર થઈને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ રજૂઆતમાં આદિવાસી નેતા મહેશ વસાવાએ ચેતવણી આપી છે કે, આદિવાસી સમાજ અમારો ટાઇગર છે, જે જયારે જંગલમાંથી છલાંગ મારશે એ ખબર નહીં પડે, જેથી આ મામલે જલ્દી તપાસ કરવા માંગ કરી છે. તાજેતરમાં ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ખરચી ગામેથી વસાવા આદિવાસી સમાજનો યુવાન ભરૂચના નિકોરા ખાતે હેલિકોપ્ટરમાં જાન લઈને લગ્ન કરવા ગયો હતો. જેનો વીડિયો સોશ્યલ મીડીયા વાયરલ થયો હતો. જેને લઈને લાલાભાઇ નામનો યુવકે આદિવાસી સમાજની યુવતીઓ, માતા-બહેનો પર નિર્લજ્જ ટીપ્પણી કરી હતી.જેથી આદિવાસી સમાજ ભભૂકી ઉઠ્યો છે.જે બાબતે આદિવાસી સમાજે શુક્રવારે જિલ્લા કલેકટર,એસપીને આવેદન આપી સોશ્યલ મીડિયામાં ટિપ્પણી કરનારને પકડીને કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી હતી. મોટી સંખ્યામાં લોકોએ સર્કિટ હાઉસ ખાતેથી હાથોમાં તીર કામઠા સાથે રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી પહોંચી ભારે સુત્રોચ્ચાર સાથે કચેરી ગજવી મૂકી હતી. આ કાર્યક્રમમાં માજી ધારાસભ્ય મહેશ વસાવા, દિલીપ છોટુભાઈ વસાવા સહિત સમાજના આગેવાનો ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. જે અંગે માજી ધારાસભ્ય મહેશ વસાવાએ જણાવ્યું હતું કે, દેશના રાષ્ટ્રપતિ આદિવાસી સમાજનાં છે એમને અમારી વિનંતી છે કે આ સમાજ પર આવી અભદ્ર ટિપ્પણી યોગ્ય નથી.છોકરો હેલિકોપ્ટર લઈને છોકરી લેવા જાય એ ગૌરવની વાત છે. આવનારા સમયમાં વિમાન લઈને પણ જાન જોડશે.અમે મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને વિનંતી છે કે આ મામલે જલ્દીથી તપાસ કરવા માંગ છે.

મહાશિવરાત્રી પર્વે બ્રહ્માકુમારી અટલાદરા દ્વારા ભવ્ય વિશ્વ પરિવર્તન મહાકુંભ જ્ઞાન મેળો

12 જ્યોતિર્લિંગ ,અમરનાથ સાથે 4 લાખ હીરા જડિત ગોમતી ચક્રથી શિવલિંગના દર્શન

મહેમાનો દ્વારા 60 શિવધ્વજ ફરકાવાશે

(પ્રતિનિધી) વડોદરા, તા.21 અટલાદરા બ્રહ્માકુમારીઝના સૌજન્યથી, ૨૨ થી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન રોજ સાંજે ૪ થી૧૦ થી વાગ્યા સુધી બિલ ભાઈલી 30 મીટર કેનાલ મેઈન રોડ પર વિવિધ આકર્ષણોથી શણગારેલો ભવ્ય વિશ્વ પરિવર્તન મહાકુંભ જ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વિશ્વ પરિવર્તન મહાકુંભ જ્ઞાન મેળો ૨૨ ફેબ્રુઆરી શનિવારે બપોરે ૪ વાગ્યે અટલાદરા સેવા કેન્દ્રથી ૧૨ જ્યોતિર્લિંગ સાથે મેળાના ગ્રાઉન્ડ સુધી એક ભવ્ય શોભાયાત્રા સાથે શરૂ થશે. ૫.૩૦ વાગ્યે બ્રહ્માકુમારીઝ - અખિલ ગુજરાત હિરક જયંતિ વર્ષ નિમિત્તે ગુજરાત - મણીનગર સબઝોન ઈન્ચાર્જ નેહાદીદી અને આમંત્રિત મહાનુભાવોની હાજરીમાં મેળાનું ઉદ્ઘાટન કરાશે. અને ત્યાર બાદ મહેમાનો દ્વારા ૬૦ શિવધ્વજ ફરકાવાશે. સાંજે ૬ વાગ્યે આધ્યાત્મિક ગીતો માટે પ્રખ્યાત બ્રહ્માકુમારી ડૉ. દામિનીબેન અને લોકગીત ગાયક પીયુદાન ગઢવી સાથે સંગીતમય સંધ્યાનો ભવ્ય કાર્યક્રમ થશે. ભક્તો માટે, 12 જ્યોતિર્લિંગ, અમરનાથ, ચાર લાખ હીરાથી જડિત શિવલિંગ અને ગોમતી ચક્રથી બનેલું શિવલિંગ મેળાના મુખ્ય આકર્ષણો બનશે ભક્તોને ભગવાન શિવ અને શિવરાત્રીનું આધ્યાત્મિક રહસ્ય સમજાવાશે. ચૈતન્ય દેવીઓની ઝાંખીથી પણ શણગારાશે. યોગમાં રસ ધરાવતા લોકો માટે, ખાસ રાજયોગ પ્રદર્શની અને પરમાત્મા અનુભૂતિ ક્ષ દ્વારા રાજયોગ વિષે સમજાવવાશે તથા વીડિયો અને કોમેન્ટ્રી સાથે માર્ગદર્શિત ધ્યાન પણ કરાવવામાં આવશે. બોડી એન્ડ માઈન્ડ ફિટ અને ફાઈન થીમ પર આરોગ્ય સ્ટોલ અને બાળકો અને યુવાનો માટે મૂલ્ય આધારિત રમતો, શિક્ષણ પર નવી દિશા અને વ્યસન મુક્તિ પ્રદર્શનના સ્ટોલ રહેશે. ૨૩ થી ૨૬ તારીખ સુધી દરરોજ આધ્યાત્મિક નાટક દ્વારા ભક્તોને ભગવાન શિવના મહાન કર્તવ્યનો સંદેશ પણ આપવામાં આવશે. ડો.બી કે અરુણા દીદી એ જણાવ્યું કે આ મેળામાં સંગીત સંધ્યા, આધ્યાત્મિક નાટક અને ચૈતન્ય દેવીઓની ઝાંખીથી વિશેષ સુશોભિત કરાશે.

કોમી એકતા પ્રતિક સમાન પીરબડે હઝરતશાદાદાની દરગાહ પર ઉર્સ ઉજવાશે

(પ્રતિનિધી) વડોદરા, તા.21 શહેરના કારેલીબાગ મેન્ટલ હોસ્પિટલની સામે આવેલ કોમી એકતા પ્રતિક સમાન પીરબડે હઝરતશાદાદાની દરગાહ પર ઉર્સની ઉજવણી કરવામાં આવશે. તા.23 થી 25 ફેબ્રુઆરીના રોજ દરગાહ શરીફનું સંદલ હાલના ગાદીનશીન હજરત સમીરઅલી જાગીરદાર બાપુની નિગરાણી હેઠળ રાખવામાં આવેલું છે. તા.23મીએ સાંજે 7.30 કલાકે મજાર શરીફ પર સંદલ ચઢાવવામાં આવશે અને નિયાઝ પછી રાતીબે રીફાઇનો જલસો થશે. તા.24 અને 25મીએ ઉર્સ શરીફની ઉજવણી સાદાઇ પૂર્વક કરવામાં આવશે. આ પ્રસંગે વડોદરા શહેરના સામાજિક અગ્રણીયો અને કોમી એકતા સમિતિનું જાહેર સન્માન કરવામાં આવશે. કોમી એકતાના પ્રતિક પીરબડે હઝરતશા દાદા (ર.અ) ના ઉર્સમાં સમગ્ર ગુજરાત રાજ્યમાંથી હિન્દુ-મુસ્લિમ ભાઈઓ અને બહેનો પોતાની હાજરી આપી પોતાની આશા પુરી કરે છે.

કઠિતપણે રેત ખનન: કોઈનો ધાક નથી

સારસા ગામે માધુમતિ ખાડીમાં નાવડીમાં આડેધડ રેતી ખનન

>> લીઝ હોલ્ડરને આ બાબતે પુછતા તમે ખાણ ખનિજ વિભાગને કહેજો એમ ઉદ્ધત જવાબ જાગૃત નાગરિકને આપ્યો

>> રેત ખનન લઈને ખાડીમાં મસમોટા ઊંડા ખાડાઓ પડી જતા આવનાર લોકો માટે પાણીમાં ન્હાવું પણ અતિ જોખમકારક બન્યું

(પ્રતિનિધી) ઝઘડિયા તા.21 ઝઘડિયા તાલુકાના સારસા ગામે માધુમતિ ખાડીમાં કઠિતપણે રેત ખનનનો વિવાદિત મુદ્દો ફરીવાર ચર્ચાનાં એરણે છે. ઝઘડિયા વિસ્તારનું નામ આવે એટલે ઘણા સમયથી રેત ખનન માફિયાઓનો મુદ્દો જીભે ચઢી જાય. માત્ર પાવન નદી નર્મદાનો પટ લાંબા સમયથી ઘણા લોકો આડેધડ રેતી ઉલેચી રહ્યા છે. આ સાથે જ હવે આજ તાલુકાની માધુમતી ખાડીમાં પણ રેત ખનન થઈ રહ્યું છે. ખાસ કરીને રેત ખનન લઈને ખાડીમાં મસમોટા ઊંડા ખાડાઓ પડતા અહીંયા પાણીમાં ન્હાવું એ પણ જોખમકારક બન્યું છે. સારસા ગામે માધુમતિ ખાડીમાં થતાં રેત ખનનના મુદ્દે અગાઉ પણ ઘણીવાર વિવાદ થયો હતો. ખાડીમાં થતું રેત ખનન અમુક સમય બંધ રહ્યા બાદ ફરીથી ધમધોકાર ચાલુ થયું છે. અને નાવડી વાપરીને રેતી ઉલેચવામાં આવી રહી છે. આ બાબતે લીઝ હોલ્ડરને જાગૃત નાગરિક ધ્યાન દોરતા સામેથી મનઘડંત જવાબ આપીને જણાવ્યું કે આતો હંમેશથી ચાલી રહ્યું છે,તમે ખાણ ખનિજ વિભાગને કહેજો..!

આવા જવાબથી જાણે પ્રસ્તાપિત થાય છે કે આવા લોકોને જાણે ખનીજ વિભાગનો કોઈ ડર લાગતો ન હોય એમ લાગે છે. જો કે આ બાબતે જાગૃત નાગરિક દ્વારા ટૂંક સમયમાં ખાણ ખનીજ વિભાગઅને ઝઘડિયા SDMને લેખિત રજૂઆત કરીને પગલાં ભરવા માંગ કરવામાં આવનાર છે. ઉલ્લેખનીય એ છે કે વહીવટી તંત્ર સામે કોઈપણ પરવાહ વગર બાલીશ જવાબ આપનારા શખ્સ સામે કાયદાનો કોરડો ઉગામે છે કે એ જોવું રહ્યું.

નકલી બિન ખેતી પ્રકરણમાં આરોપીને 6 દિવસના રિમાન્ડ

કુત્બુદ્દીન રાવતને 16 મુદ્દાઓની પુછપરછ કરવાનું જાણવા મળ્યું

(પ્રતિનિધી) દાહોદ, તા.21 દાહોદમાં નકલી બિન ખેતી પ્રકરણમાં નવો વળાંક સામે આવ્યો છે જેમાં એકપછી એક આ નકલી બિન ખેતી પ્રકરણમાં વિદેશમાં પહોંચી ગયેલા કુત્બુદ્દીન રાવત દાહોદની ટ્રાયલ કોર્ટમાં રજુ થયાં હતાં જેમાં પોલીસ દ્વારા કુત્બુદ્દીન રાવતના ૦૬ દિવસના પોલીસ રિમાન્ડ મંજુર કરતાં આવનાર દિવસોમાં આ પોલીસ રિમાન્ડમાં આ નકલી બિન ખેતી પ્રકરણના અનેક રહસ્યો બહાર આવવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્યારે બીજી તરફ દાહોદ પોલીસ દ્વારા પણ આ ગુન્હાની ગંભીરતાને ધ્યાનમાં રાખી કોઈ કચાસ નહીં રહી જાય તે માટે કુત્બુદ્દીન રાવતની પુછપરછોમાં ૧૬ મુદ્દાઓની પુછપરછ કરનાર હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

દાહોદ પોલીસ તેમજ સરકારી અધિકારીઓ દ્વારા એકપછી એક પોલીસ ફરિયાદ કરી મુખ્ય સુત્રધાર તેમજ ભુમાફિયાઓ, દલાલો, મિલ્કત ધારકો, સરકારી બાબુઓ તેમજ વચેટીયાઓ સામે ગુનો નોંધી તમામને જેલના સળીયા પાછળ ધકેલી દેવમાં આવ્યાં હતાં. ત્યારે આ નકલી બિન ખેતી પ્રકરણમાં થોડા સમય પહેલા કેટલાંક આરોપીઓ જામીન પર મુક્ત પણ થયાં છે. આવા સમયે આ કેસમાં ચર્ચાના કેન્દ્ર સ્થાને રહેલા કુત્બુદ્દીન રાવત દાહોદની ટ્રાયલ કોર્ટમાં હાજર રહ્યાં હતાં. આ કેસમાં સુત્રો પ્રમાણે જાણવા મળ્યાં અનુસાર, તારીખ ૩૧મી મે ૨૦૨૪ના રોજ કુત્બુદ્દીન રાવત સામે આ નકલી બિન ખેતી પ્રકરણમાં પ્રથમ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી પરંતુ તેઓ આ ફરિયાદ નોંધાઈ તે પહેલા તારીખ ૩૦મી જુનના રોજ એટલે કે. ફરિયાદ નોંધાયાના એક દિવસ પહેલા તેઓની વિદેશીની ફ્લાઈટ હોવાને કારણે તેઓ વિદેશ નીકળી ગયા હતાં. અને તેઓ દુબઈ ગયાં હતાં. ત્યારે તેઓને જાણ થતાં કે પોતાની સામે નકલી બિન ખેતી પ્રકરણમાં ગુનો પોલીસમાં ગુનો દાખલ થયો છે ત્યારે તેઓએ પોતાના વકીલ મારફતે પોતાની દાહોદની સેશન્સ કોર્ટમાં જામીન માટેની અરજી કરી હતી પરંતુ આ અરજી નામંજુર કરવામાં આવી હતી ત્યારે હાઈકોર્ટમાં જામીન માટે અરજી કરી હતી અને ત્યાં પણ તેઓની જામીન ના મંજુર થઈ હતી. આખરે તેઓએ દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રીમ કોર્ટમાં પોતાના વકીલ મારફતે જામીન અરજી કરી હતી અને તે દરમ્યાન દાહોદના ટીડીઓએ કુત્બુદ્દીન રાવત સામે આ નકલી બિન ખેતી પ્રકરણમાં બીજી અન્ય એક ફરિયાદ કરી હતી.

માંજલપુર વિસ્તારમાં પાણીની લાઈનમાં ભંગાણ પડ્યું

હજારો લીટર ચોખ્ખુ પાણી ગટરમાં વહી ગયું

(પ્રતિનિધિ) વડોદરા તા.21 માંજલપુર ઈવા મોલ સામે આવેલ ભાજપના મહામંત્રીના પેટ્રોલ પંપને અડીને આવેલ સાંલીન કોમ્પલેક્ષના ગેટ પર છેલ્લા પાચ દિવસ થી પાણીની લાઈનમાં ભંગાણ થયું હોય નાતો પાલિકાના અધિકારીઓ કે ન તો મહામંત્રી પણ ધ્યાન આપી રહ્યા હોય તેમ સ્પષ્ટ પણ દેખાઈ આવે છે. છેલ્લા પાંચ દિવસથી પીવાના પાણીની નળીકામાં ભંગાણ પડતા હજારો લીટર પીવાનું પાણી રોડ પર ફરી વળ્યુ છે. પાલિકાની ફરી એક વખત બેદરકારી છતી થઈ છે, માંજલપુર વિસ્તારમાં ઈવા મોલ સામે આવેલ સાલીન કોમ્પલેક્ષના ગેટ પર પીવાના પાણીની લાઈનમાં ભંગાણ પડ્યું હોવા છતાં પણ રીપેરીંગની કામગીરી કરવામાં નહીં આવતા હજારો લિટર પાણીનો વ્યય થઈ રહ્યો છે. રોડ પર પાણી પાણી થઈ ગયું હતું. સ્માર્ટ સિટી વડોદરાનું પાલિકા તંત્ર ફરી એક વાર ભર નિદ્રામાં જોવા મળ્યું છે. એક તરફ લોકોને પીવાનું ચોખ્ખુ પાણી મળી નથી રહ્યું, તો બીજી તરફ પીવાના પાણીની નળીકાઓમાં લીકેજ થઈ રહ્યા છે. જેના કારણે લાખો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે.

સાંસરોદ ગામે 8.40 લાખના દાગીનાની ચોરી

(પ્રતિનિધી) કરજણ,તા.21 કરજણના સાંસરોદ ગામમાં રહેતા મકબુલ દાઉદ ફસલના બંધ મકાનમાં ધોળે દિવસે ત્રાટકેલા તસ્કરો મકાનનું તાળું તોડી 8.40 લાખના 14 તોલા સોનાના દાગીના ચોરી કરી ફરાર થઈ જતાં રહીશોમાં ફફડાટ ફેલાયો છે. 61 વર્ષીય મકબુલ ફસલ અને તેઓનો પરિવાર ગામમાં રહેતા મામાના ઘરે દાવત હોવાથી સવારે પ્રસંગમાં ગયા હતા. બપોરે 2.30 વાગ્યે તેઓ ઘરે પરત ફરતા ગેટનું તાળુ તૂટેલી હાલતમાં જોતા તેઓના પગ નીચેથી જમીન સરકી જવા પામી હતી.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
જાહેર સૂચના
આથી વડોદરા મહાનગરપાલિકાની હદમાં આવેલ વિભાગ ડી ટીકા નં ૧/૧૫-નરહરિ હોસ્પીટલની હાલની જગ્યામાંથી મુળ રસ્તારેષા રદ્દ કરી, વિભાગ ડી ટીકાનં. ૧/૧૫ તથા વિભાગ ડી ટીકાનં.૧/૧૪ ની અગાઉની સુચિત અધુરી રસ્તારેષાઓ તથા નવિન સુચિત રસ્તારેષાને જી.પી.એમ.સી એક્ટ ૧૯૪૯ની કલમ ૨૧૦(૧) હેઠળ વિહિત કરવાનું હું મ્યુનિસિપલ કમિશનર, વડોદરા વિચારું છું. જેથી આ બાબતે જે કોઈ શખ્સને તે બદલ કોઈ વાંધો હશે તો, તેમણે તા.૨૧-૦૩-૨૦૨૫ અગાઉ પોતાના લેખિત વાંધાઓ સભા સેક્રેટરીશ્રી, વડોદરા મહાનગર પાલિકાના કાર્યાલયમાં મોકલી આપવા. સઠરહુ મુદત દરમિયાન આવેલ લેખિત વાંધાઓ સ્થાયી સમિતિ વિચારણામાં લેશે.
આ માટેની જાહેર સુચનાની કોપી સ્થળે ચોટાડી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે માટેના નકશા અંગે કોઈ માહિતી જોઈતી હશે તો તે રજા સિવાયના દિવસોમાં મહાનગરપાલિકાની ખંડેરાવ માર્કેટ ઓફિસમાં ડે.એન્જીનીયર(રોડ લાઈન)ની કચેરી રૂમ નં ૩૦૪ માં ઓફિસ સમયમાં બપોરના ૪.૩૦ થી ૬.૦૦ કલાક સુધી જોવા મળી શકશે, જેની નોંધ લેવા વિનંતી છે.
પી.આર.ઓ નં. ૧૨૦૫/૨૪-૨૫ મ્યુનિસિપલ કમિશનર

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
ટુરીસ્ટ વિભાગ
દિપક ઓપન એર થિયેટર ખાતે તૈયાર થયેલ નવિન અતિથિગૃહ શરૂ કરવા બાબત
વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોની સુવિધા વધારવા હેતુસર મદનઝાંપા રોડ પર દિપક ઓપન એર થિયેટર ખાતે તૈયાર થયેલ નવિન અતિથિગૃહ બનાવી જેનું લોકાર્પણ કરેલ હોઈ તા.૧૯-૦૨-૨૦૨૪ના રોજ નાગરિકો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ www.vmc.gov.in પરથી ઓનલાઈન બુકિંગ કરી શકશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.
ડે.મ્યુનિસિપલ કમિશનર
પી.આર.ઓ.નં.૧૨૧૬/૨૦૨૪-૨૫ ટુરીસ્ટ

વડોદરા મહાનગર પાલિકા
www.vmc.gov.in
પાણી અંગેની અગત્યની જાહેરાત
આથી જાહેર જનતાને જણાવવાનું કે, આજવા ટાંકી ખાતે સંપ તથા ટાંકી સફાઇની અગત્યની કામગીરી તથા આજવા ટાંકીથી નીકળતી હયાત ૭૦૦ મીમી વ્યાસની ડી.આઇ. નળીકા ના જોડાણની કામગીરી સરદાર એસ્ટેટ ચાર રસ્તા પાસે તા.૨૪.૦૨.૨૦૨૫ ના સોમવારના હાથ ધરવાનુ આયોજન કરવામાં આવેલ છે. જેથી આજવા ટાંકીના કમાન્ડ વિસ્તારમાં સોમવાર તા. ૨૪.૦૨.૨૦૨૫ ના રોજ ના સાંજના તમામ ઝોનમાં પાણી વિતરણ કરવામાં આવશે નહીં. તેમજ સુચીત કામગીરી પૂર્ણ થયા બાદ તા.૨૫.૦૨.૨૦૨૫ મંગળવારના રોજ પાણીનું વિતરણ આજવા ટાંકીથી મોડેથી તથા હળવા દબાણથી કરવામાં આવશે. જે જાણમાં લઈ સ્થાનિક રહીશોએ આગમચેતીના ભાગરૂપે જરૂરી પાણીનો સંગ્રહ કરી રાખવા વિનંતી છે. ઉપરોક્ત મુજબ જણાવેલ વિસ્તારોના નાગરિકોએ કામગીરીમાં જરૂરી સાથ સહકાર આપવા વિનંતી છે.
પી.આર.ઓ.નં. ૧૨૦૩ /૨૪-૨૫ કાર્યપાલક ઇજનેર (પા.પુ.પ્રો)

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
ટુરીસ્ટ વિભાગ
સ્વામી વિવેકાનંદ આર્ટ ગેલેરી શરૂ કરવા બાબત
વડોદરા મહાનગરપાલિકા દ્વારા શેહરીજનોની સુવિધા વધારવા હેતુસર નવિન આર્ટ ગેલેરી બનાવી જેનું લોકાર્પણ કરેલ હોઈ, નાગરીકો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ www.vmc.gov.in પરથી ઓનલાઈન બુકિંગ તેમજ સર સયાજીરાવ નગરગૃહ ખાતે આવેલ નગરગૃહની કચેરીએથી કચેરી સમય દરમ્યાન ઓફલાઈન બુકિંગ કરી શકશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.
ડે.મ્યુનિસિપલ કમિશનર
પી.આર.ઓ.નં.૧૨૧૫/૨૦૨૪-૨૫ ટુરીસ્ટ

વડોદરા મહાનગરપાલિકા
ઈમ્પેક્ટ-૨૦૨૨ જાહેર સુચના બાબત
આથી જાહેર કરવાનું કે ઈમ્પેક્ટ-૨૦૨૨ અન્વયે ગુજરાત અનઅધિકૃત વિકાસ નિયમબધ્ધ કરવા અંગેના કાયદા પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૦૧-૧૦-૨૦૨૨ પહેલા થયેલા બિનઅધિકૃત બાંધકામ થઈ ગયેલ હોઈ અને જેનો વપરાશ ચાલુ હોય તેવા બાંધકામો માટે ઈમ્પેક્ટ-૨૦૨૨ના કાયદાની જોગવાઈ હેઠળ, નિયમિત કરવાની કાર્યવાહી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ગાંધીનગરના તા.૧૬-૧૨-૨૦૨૪ના નોટીફીકેશન મુજબ અરજદારશ્રી ધ્વારા તા.૧૭-૧૨-૨૦૨૪ થી ૬ માસ સુધીમાં ઓનલાઈન અથવા ઓફલાઈન માધ્યમથી નિયત કરેલ ફી ભરી અરજી કરવાની રહેશે. તેમજ કરેલ અરજી ઈમ્પેક્ટ-૨૦૨૨ના કાયદાને સુસંગત હશે તો વડોદરા મહાનગર પાલિકા ધ્વારા મંજુરી બાદ સરકારશ્રી ધ્વારા નિયમ કરેલ લાગતોની રકમ નિયત સમય-મર્યાદામાં ભર્યેથી ઈમ્પેક્ટ સર્ટીફીકેટ આપવામાં આવશે. જેની સંબધકર્તાઓએ નોંધ લેવી.
પી.આર.ઓ.નં. ૧૨૧૭ /